ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

Phone : 0278-2570111 WhatsApp : 8866570111 Email : krcscbvn@gmail.com Website : www.krcscbhavnagar.org

## અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.

Date : 8st July, 2018

પ્રતિ,

તંત્રી શ્રી,

.................................................................................,

ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જીલ્લામાં બાળ વૈજ્ઞાનિકોને તૈયાર કરવાના હેતુથી

### ૨૭મી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ અંતર્ગત યોજાશે શિક્ષક તાલીમ કાર્યશાળા.

ભારત દેશના પ્રત્યેક વિદ્યાર્થીઓમાં સંશોધન પ્રત્યે રૂચી કેળવાય તેવા હેતુથી છેલ્લા ૨૬ વર્ષથી કેન્દ્ર સરકારનાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ અને NCSTC નેટવર્ક દ્વારા 'રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ'નું ચોક્કસ વિષયને કેન્દ્રસ્થાને રાખીને પ્રતિ વર્ષે ૧૦ થી ૧૭ વય જૂથના વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદનું આયોજન કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯ માટે 'સ્વચ્છ, હરિયાળું અને સ્વસ્થ રાષ્ટ્ર માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનીકરણ' મુખ્ય વિષય અને ૧. ઇકો સીસ્ટમ અને ઇકો સીસ્ટમ સેવા, ૨. આરોગ્ય, સ્વાસ્થ્ય શાસ્ત્ર અને સ્વચ્છતા, ૩.કચરામાંથી કંચન : વેસ્ટ ટુ વેલ્થ, ૪. સમાજ, સંસ્કૃતિ અને આજીવિકા, ૫.પરંપરાગત જ્ઞાન પ્રણાલી પેટા વિષયો આધારિત સંશોધન કાર્ય થનાર છે. આ સંશોધન કાર્યમાં જોડવા માટે સયુક્ત શિક્ષણ નિયામક શ્રી અને પ્રાથમિક શિક્ષણ નિયામક શ્રી ગુજરાત સરકાર દ્વારા વધુમાં વધુ શાળાઓના વિદ્યાર્થીઓને જોડવા જણાવ્યું છે.

આ રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદનું રાજ્ય કક્ષાનું સંકલન ગુજરાત રાજ્યમાં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે. ભાવનગર જીલ્લામાં જીલ્લા કક્ષાનું સંકલન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કરવામાં આવે છે.

જેના અનુસંધાને જીલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ અંગેની શિક્ષક કાર્યશાળાનું આયોજન થનાર છે. આ તાલીમમાં ભાવનગર જીલ્લાની વધુમાં વધુ શાળાઓના શિક્ષકો જોડાય તે માટે શિક્ષણાધિકારી શ્રી, પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી અને શાસનાધિકારી શ્રી દ્વારા શાળાઓને જાણ કરતા પરિપત્રો કરીને અનુરોધ કરવામાં આવેલ છે. જેમાં જીલ્લાની વિવિધ શાળાઓમાં સંશોધનમાં રસ ધરાવતા કોઈ પણ વિષયના એક શિક્ષકે ફરજીયાત તાલીમમાં જોડાવા અનુરોધ કરાયો છે.

કાર્યશાળામાં આપની શાળાની નોંધણી http://krcscbhavnagar.org/programsdetail.aspx?id=84, ઈ-મેઈલ (krcscbvn@gmail.com) અથવા WhatsApp (88 66 570 111) પર તા. ૨૩/૦૮/૨૦૧૯ સુધીમાં ફરજીયાત કરાવી લેવા અનુરોધ.

8-7-19
5:30PM

(હર્ષદ જોષી)
કોઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.

D:/2019-20//All Letter and Press Note 2019-20 /Press of KRCSC FL 2019-20